# ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી

## ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (ગુ. રા.)

## 'અધ્યાપક સહાયક'ની ભરતી અંગેની સુધારા જાહેરાત

બિનસરકારી અનુદાનિત કોલેજોમાં કેન્દ્રિયકૃત રીતે 'અધ્યાપક સહાયકની' તા. ૦૧/૧૨/૨૦૨૦ના રોજ વર્તમાનપત્રોમાં આપવામાં આવેલ જાહેરાતમાં કુલ ૩૬ વિષયોની અંદાજિત ૭૮૦ જગ્યાઓ માટે ઓનલાઇન અરજી કરવાની મુદત લંબાવીને તા. ૦૫/૦૧/૨૦૨૧ કરવામાં આવેલ હતી. આ જાહેરાતમાં નવા ૦૮ વિષયોની અંદાજિત ૧૪૭ જગ્યાઓનો સમાવેશ કરવાનો થાય છે. આથી તમામ વિષયો માટે અંદાજિત કુલ ૯૨૭ જગ્યાઓ માટે ઓનલાઇન અરજી કરવાની મુદત આગામી તા. ૨૦/૦૧/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

આ જાહેરાતમાં નવા સમાવવાના થતા ૦૮ વિષયોની અંદાજિત ૧૪૭ ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વિષય | અંદાજિત ખાલી જગ્યા |
|---|---|---|
| ૦૧ | ગુજરાતી | ૩૭ |
| ૦૨ | હિન્દી | ૨૫ |
| ૦૩ | સંસ્કૃત | ૧૨ |
| ૦૪ | સમાજશાસ્ત્ર | ૧૩ |
| ૦૫ | મનોવિજ્ઞાન | ૨૭ |
| ૦૬ | ઇતિહાસ | ૧૫ |
| ૦૭ | આંકડાશાસ્ત્ર | ૧૭ |
| ૦૮ | ગુજરાતી (બી.આર.એસ) | ૦૧ |
| કુલ | | **૧૪૭** |

- ઉપરોક્ત અંદાજિત ખાલી જગ્યાઓની સંખ્યા ફેરફારને પાત્ર છે. આ વિષયોમાં કેટેગરી અનુસાર ખાલી જગ્યાઓની સંખ્યા અરજી કરવાના છેલ્લા દિવસ પહેલાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. જે ધ્યાનમાં રાખી ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવી.
- આ જગ્યાઓ માટે લાયકાતના તેમજ અન્ય ધારાધોરણો મૂળ જાહેરાતમાં દર્શાવ્યા મુજબના રહેશે.
- વિષય સંલગ્નતા બાબતે શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૨/૨૦૨૦નો પત્ર ધ્યાને લેવામાં આવશે. (નકલ વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
- વધુ વિગતો ભરતી અંગેની વેબસાઇટ **http://www.rascheguj.in** પર ઉપલબ્ધ છે.

સ્થળ: ગાંધીનગર

તારીખ : ૦૫/૦૧/૨૦૨૧

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

Scanned by CamScanner